(VII) હવે SSDSP સ્કીમના ઢોલ પીટયા હતા, કેન્દ્ર સરકારે નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલે MSME રોકાણકારો અને ઉદ્યોગકારોને સોલાર વિદ્યુતક્ષેત્રે વ્યાપક અને સઘન આમંત્રણ અને પ્રોત્સાહનો જાહેર કર્યા છે. સીધી રીતે તો સ્કીમ બંધ કરી શકાય તેમ ન હોવાનું જણાતા P.P.A. ધારકોના પ્રોજેક્ટ રિપોર્ટ તપાસીને તેમાં શું ગરબડ કરવામાં આવે તો પ્રોજેક્ટ વાયેબલ ન રહે અને P.P.A. ધારકો થોડો વિરોધ કરે, થોડો ઉહાપોહ કરે, એમાં આર્થિક ઘસારો લાગે, છેલ્લે હારી થાકીને પ્રોજેક્ટ આગળ ધપાવવાનું માંડી વાળે એવું સંશોધન કરીને શોધી કાઢવામાં આવ્યું. એ શોધ એટલે P.P.A. ધારકોને MSME એકમ તરીકે મળવાપાત્ર સબસિડીઓ કોઈપણ રીતે અવરોધવી, જેથી તેમની પ્રસ્તાવિત બેલેન્સશીટ બગડી જાય, પ્રોજેક્ટ વાયેબલ રહે નહિ અને આખી સ્કીમ આપમેળે સ્કેપ થઈ જાય. હવે ઉદ્યોગ વિભાગને તો કહેવાય નહિ અને કહેવું તો કેવી રીતે કહેવું, કારણકે ઉદ્યોગ વિભાગ દ્વારા ગુજરાતના સમગ્ર આશરે ૩૩ લાખ MSME ઉત્પાદકોને કેપિટલ અને વ્યાજની સબસિડી

આપવામાં આવે છે એટલે બોગસ કાર્યવાહી ઊભી કરી માત્ર SSDSP સ્કીમ હેઠળના P.P.A. ધારકોને કોઈ સબસિડી મળશે નહિં એવા ઉલ્લેખ માત્ર વાળો અને અન્ય કોઈ ચોખવટ વગરનો, માત્ર SSDSP-કે 2019 ની પોલિસી અને તેની ગાઈડલાઈન્સ અંતર્ગત કોઈ સબસિડી નહિ મળે તેવો નિર્ણય, પ્રપંચ રચી, કાવતરું કરી, સત્તાનો દુરુપયોગ કરી, ઔપચારિકતા પુરી કરી, સરકાર કક્ષાએથી લેવાયેલ નિર્ણય જાહેર કરી, ષડયંત્રના ભાગ રૂપે તેની નકલ અમલવારી માટે ઉદ્યોગ વિભાગને પાઠવવામાં આવી. અત્રે એવું જણાય છે કે ઉદ્યોગ અને ખાણ વિભાગને, SSDSP-2019 અંતર્ગત DISCOM જોડે P.P.A. કરનાર કાયદેસર નોંધાયેલા MSME એકમો પુરતી, ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 હેઠળ ઉત્પાદનના હેતુઓ માટે MSME ને મળવાપાત્ર કેપિટલ અને વ્યાજની સબસિડીઓ આપતા અટકાવવા માટેની આજ્ઞાનુસાર વિનંતી કરી શકાય તે હેતુથી જ અન્ય કાયદેસરના કોઈ પણ જાતના કોઝ ઓફ એક્શન વગર જ વાદગ્રસ્ત નિર્ણય લેવામાં આવ્યો હોવાનુ જણાય છે. સરકારના નામે આવો ખોટો, વ્યર્થ અને ગેરકાયદેસર નિર્ણય લેનાર તત્વો કદાચ ઉદ્યોગ વિભાગના વડાને સીધેસીધું કહી શક્તા નહિં હોય. હવે ઉદ્યોગ વિભાગના અધિકારીઓ નિર્ણયની નકલ મળ્યા પછી પોતાના હસ્તકની સબસિડીઓ રોકી દે તો તેમને કોઈ એલીગેશનનો સામનો કરવો પડે નહિ,

પરંતુ જો આપી દે તો કદાચ કરવો પડે એટલે લેવા દેવા વગરનું જોખમ કોણ લે, P.P.A. ધારકોનું જે થવું હોય તે થાય, આપણે કેટલા ટકા, આપણે સેઈફ સાઈડ પકડો, સરકારશ્રીનો નિર્ણય માથે ચડાવીને સબસિડીઓ બંધ હવે ઉહાપોહ થતા EPD અને GUVNL દ્વારા ONE TIME EXIT OPTION નું ગતકડું તૈયાર જ રાખવામાં આવ્યું હોવાનું જણાય છે. P.P.A. ધારકોને મોઢેમોઢ જણાવી દેવામાં આવ્યું છે કે સરકારે લીધેલા થોડા ચાર્જીસ પરત આપે, થોડોક ઘસારો ખુદ ભોગવી લો, ચાલતી પકડો, રવાના થઈ જાવ. એક બાજુ જાહેર સરકારી નાણાંથી સરકારી અધિકારીઓ અને વકીલોની ફોજ લડે અને સામે પક્ષે છુટાછવાયા, નાના અને નવા ઉદ્યોગકારો અને કોઈ પણ રીતે સરકાર સામે કોઈ વિસાતમાં નહિ તેવા માસૂમ અને શુદ્ધબુદ્ધિ ના P.P.A. ધારકો આ તો જંગલમાં ભુખ્યા વરૂઓના ટોળાએ ખિસકોલી પકડી લીધી હોય એવો ઘાટ છે. વધુમાં મોટા ઉદ્યોગગૃહોએ રાજ્યમાં સોલાર વિદ્યુત ક્ષેત્રે ગંજાવર રોકાણની જાહેરાતો કરી છે, એ રોકાણો રાજ્યમાં ખેંચી લાવવામાં, મોટા ઉદ્યોગગૃહોને મોકળું મેદાન મળી રહે તે માટે હરિફાઈ ઘટાડવા SSDSP-2019 ની પોલિસીને સ્ક્રેપ કરવાનું વચન આપવામાં આવ્યું હોય તેમ સ્પષ્ટ જણાય છે.

(VIII) મારી ઉત્તમ જાણકારી મુજબ સમગ્ર ઘટનાક્રમમાં કહેવાતા સરકારશ્રીના, GUVNL દ્વારા પ્રસિદ્ધ, તારીખ 20-07-2021 ના વાદગ્રસ્ત નિર્ણય અને

નિર્ણયની કાર્યવાહીમાં સ્પષ્ટપણે દેખાતી અસાધારણ ગેરકાયદેસરતા, બિનવ્યવહારિકતા, રેઢિયાળપણું, વિસંગતતા, ધારાધોરણોથી વિપરીત કામગીરી પાછળનું રહસ્ય એવું જણાય છે કે સરકારશ્રીને સદરહુ વાદગ્રસ્ત નિર્ણયની કાયદેસરતા બાબતે કાયદાકીય અભિપ્રાય અને અહેવાલ આપવાની હકુમત, ફરજ, અધિકાર અને સત્તા જેમની થાય છે તે અલગ અલગ વિભાગનો સઘળા જવાબદાર અને સક્ષમ, ઉચ્ચતમ અધિકારીઓ જેમો ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, નાણાં વિભાગ વગેરેના ટોચના અધિકારીઓ, MSME કમિશ્નર, GUVNL વગેરે સર્વેએ તેમની ફરજના ભાગ રૂપે ગુજરાત સરકારની ટોચની નેતાગીરીને લેખિત દરખાસ્ત કરીને જણાવ્યું છે કે,

(1) P.P.A. અંતર્ગતનો ₹ 0.20 નો એડિશનલ ટેરિફ એ સરકારશ્રી તરફથી P.P.A. વિકાસકારોને આપવામાં આવતી આર્થિક સહાય, ઈ-સેન્ટિવ, સબસિડી નથી.

(II) SSDSP-2019 હેઠળના P.P.A. ધારક વિકાસકારો, MSME ની હેસિયતથી ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 હેઠળની કેપિટલ અને વ્યાજની સબસિડીઓ મેળવવા માટે એલિજીબલ છે.

(III) SSDSP-2019 અંતર્ગત થયેલ P.P.A. ધારકોના પ્રોજેક્ટ થકી થનાર સૌર ઉર્જાનું ઉત્પાદન એ ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 મુજબની મેન્યુફેક્ચરિંગ એક્ટિવિટી છે.

(IV) ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 હેઠળની કેપિટલ અને વ્યાજની સબસિડીઓ SSDSP-2019 હેઠળના P.P.A. વિકાસકારોને આપવા માટે પર્યાપ્ત નાણાં ભંડોળ ઉપલબ્ધ છે.

(V) ગુજરાત સરકારની ટોચની નેતાગીરીએ ઉપર મુજબના અભિપ્રાય આપવા માટે જવાબદાર અને સક્ષમ, જેની ઉપર કોઈ પદ નથી તેવા ગુજરાત સરકારના ટોચના અધિકારીઓ, લીગલ ઓફિસરો, નિષ્ણાત તજજ્ઞોના ઉપર મુજબના લીગલ, બંધનકર્તા અને અધિકૃત અભિપ્રાય સહિતની, SSDSP-2019 હેઠળના પ્રોજેક્ટ માટે, P.P.A. વિકાસકારોને, MSME તરીકે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 હેઠળની કેપિટલ અને વ્યાજની સબસિડીઓ આપવાની દરખાસ્તનો અસ્વીકાર કરેલ છે. દરખાસ્તનો અસ્વીકાર કરવાના નિર્ણયના સમર્થનમાં કોઈ અધિકારી, કોઈ કાયદાવિદ, કોઈ જવાબદાર અને સક્ષમ ઓથોરિટીનો અભિપ્રાય નથી એવી કોઈ કાર્યવાહી થયેલ નથી જેવો કે દરખાસ્તના સમર્થનમાં છે, વધુમાં આવો વિધિસરનો, અધિકૃત, બંધનકર્તા

અને લીગલ અભિપ્રાય સરકારને આપવાની સત્તા, ક્ષમતા અને અધિકાર અન્ય કોઈ ઓથોરિટીને છે પણ નહિ. સદરહુ રખાસ્તનો અસ્વીકાર કરવાનો નિર્ણય, સરકાર દ્વારા SSDSP-2019 ની સ્કીમ, ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 માં કોઈ પણ પ્રકારના ફેરફાર કરતો નથી. સરકાર પક્ષે કોઈ પોલિસી અન્વયે કોઈ નક્કર કામગીરી (જેમ કે અત્રે DISCOM અને વિકાસકારો વચ્ચે SSDSP-2019 અંતર્ગત થયેલ P.P.A.) થયા બાદ, થયેલ નક્કર કામગીરીને અને સંકળાયેલા પક્ષકારોના કાયદેસરના હક્કો, હિતોને પ્રતિકુળ અસરકર્તા ફેરફાર કરી શકે નહિ. આવો ફેરફાર પ્રોમિસરી એસ્ટોપલના સિધ્ધાંત વડે પ્રતિબંધિત, ગેરકાયદેસર, કાયદાની દ્રષ્ટિએ ખરાબ છે તથા કુદરતી ન્યાયના સિધ્ધાંત સાથે સુસંગત નથી, સરકાર માટે આમ કરવાનું ખુલ્લું નથી. સદરહુ દરખાસ્તનો અસ્વીકાર કરવાના સરકારના નિર્ણયમાં દર્શાવલ ઉપરછલ્લા કારણો, નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ SCA NO. 13056/2021 ના કામે સરકાર તરફથી ફાઈલ કરવામાં આવેલી રિપ્લાય એફીડેવીટમાં દર્શાવવામાં આવેલા કારણો કરતા 100% જુદા જ છે. વળી વર્તમાન પિટિશનના કામે, પિટિશનર GUVNL એ, અન્ય ઓબ્જેક્ટર ગુજરાત સોલાર ફેડરેશનની થર્ડ પાર્ટી જોઈન્ડરની પરવાનગી માગતી દાખલ કરેલ અરજીના વિરોધમાં રજુ

કરેલ વાંધા અરજીમાં રજુ કરેલ કારણો ઉપરના બંને નિવદનોથી 100% જુદા છે.

અત્રે સમજવા માટે બે વાતો પ્રસ્તુત છે :

(અ) બે પ્રકારના ધનુર્ધરો હોય છે. એક કુંડાળામાં લક્ષ સાધીને સેન્ટર (બુલ આઇ)માં તીર મારે અને બીજા પહેલાં તીર મારે અને પછી આજુબાજુ સેન્ટર અને કુંડાળા ચિતરે.

અત્રે પ્રથમ સબસિડીઓ નહિ આપવાનો વાદગ્રસ્ત નિર્ણય લઈ અને બાદમાં નિર્ણયની ફાઈલ બનાવવામાં આવી છે, એને કાયદેસરતાના વાઘા પહેરાવવાના વ્યર્થ પ્રયત્નો ગુજરાત સરકારના અધિકારીઓ દ્વારા થઈ રહ્યા છે.

બ) જુના જમાનામાં દેશી રજવાડાના રાજવીઓ ક્રિકેટની રમત રમવાનો શોખ ધરાવતા. પરંતુ સ્થુળ અને અસક્ષમ શરીરને કારણે મેચમાં ખેલાડી તરીકે રમી શક્તા નહિ, તેથી સેવકો સાથે મેદાનમાં ઉતરતા, રાજવીને એકદમ અનુકૂળ બોલ ફેંકવામાં આવતો. રાજવી શોટ મારે અને બોલ આશરે 20 થી 25 મીટર

દુર જેની પાસે જાય તે ફિલ્ડર કમ સેવક હરકતમાં આવે છે અને બોલને ફુટબોલની જેમ કીક મારીને બાઉન્ડ્રી બહાર પહોંચાડી દે છે.

અત્રે સત્તાધીશો "દલા તરવાડી" જેમ જે નિર્ણય જાહેર કરે તેને કાયદેસર અને યથાર્થ ઠરાવવા સરકારી અધિકારીઓની ફોજ કામે લાગી જાય છે. વાત તો એ જ છે કે જેવી કાયદેસર રાજવીની બાઉન્ડ્રી એવા જ કાયદેસર સત્તાધીશોના નિર્ણયો.

ઉદ્યોગ વિભાગે, તેમના નાયબ સચિવશ્રી મારફત નામદાર હાઈકોર્ટ સમક્ષ SCA 13056/2021 ના કામે, સેઈફ સાઈડ પકડીને જવાબી એફીડેવીટ ફાઈલ કરી દીધી કે વાદગ્રસ્ત નિર્ણય સરકારશ્રીનો છે. સદરહુ એફિડેવિટમાં તેઓ જણાવે છે કે ઉદ્યોગ વિભાગ અને EPD એ એકબીજાના પરામર્શમાં, ફુલ કન્સલ્ટેશનમાં કાર્યવાહી હાથ ધરીને વાદગ્રસ્ત નિર્ણય લીધો છે, જ્યારે કે તેમના ઉદ્યોગ વિભાગને, તેમના તારીખ 25-10-2021 ના પત્ર મુજબ વાદગ્રસ્ત નિર્ણયની જાણ, EPD દ્વારા તારીખ 20-07-2021 ના નિર્ણયની નકલ, અમલવારીની સૂચના સહ, મળી, ત્યારે જ થઈ હતી અને વાદગ્રસ્ત નિર્ણય અને તે અંગેની સમગ્ર કાર્યવાહી ઉદ્યોગ વિભાગની જાણ બહાર માત્ર અને માત્ર EPD અને GUVNL દ્વારા જ હાથ ધરવામાં આવી હતી.

GUVNL, મને, મારી જનહિતની અરજીઓના જવાબમાં સ્પષ્ટતા કરતા જણાવે છે કે SSDSP-2019 હેઠળ કોઈ સબસિડી આપવામાં આવશે નહિં, સ્કીમમાં એવી કોઈ જોગવાઈ નથી. હવે SSDSP-2019 ની પોલિસી, તેની ગાઈડલાઈન્સ અને અન્ય સંબંધિત તમામ દસ્તાવેજોની EPD એ જાહેર પ્રસિદ્ધિ કરેલી છે. DISCOM જોડે P.P.A. કરનાર વિકાસકારો નાના અને શુદ્ધબુદ્ધિના (BONAFIDE) વિકાસકારો છે. વિકાસકારોએ એક સામાન્ય વ્યક્તિ પાસેથી જેટલી કાળજીની અપેક્ષા રાખવામાં આવે તેટલી કાળજી લઈને SSDSP-2019, તેની ગાઈડલાઈન્સ તેમજ અન્ય સંબંધિત દસ્તાવેજોનો અભ્યાસ કરીને જ P.P.A. કરેલ છે, ઉર્જા અને પેટ્રોકેમિકલના આવા કોઈ પણ દસ્તાવેજમાં કોઈ સબસિડીનો કોઈ ઉલ્લેખ નથી. કોઈ P.P.A. ધારકે, SSDSP-2019 ની પોલિસી અંતર્ગત ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સમક્ષ કોઈ સબસિડીની માગણી કરી નથી, એવો કોઈ દાવો કર્યો નથી. તારીખ 25-11-2021 ના મારી આદરણીય મહામહીમ રાષ્ટ્રપતિશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી અને અન્ય સત્તાઓને કરેલ જનહિતની અરજીઓના મને આપેલ તારીખ 25-11-2021 ના જવાબમાં GUVNL એ આપેલ નિવેદનની બાબત, તેના તારીખ 20-07-2021 ના વાદગ્રસ્ત નિર્ણયના " SSDSP સ્કીમ અંતર્ગત કોઈ સબસિડી આપવામાં

આવશે નહિ" તથા વાદગ્રસ્ત નિર્ણયની અમલવારીનો વિસ્તાર ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકની ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 અંતર્ગતની SSDSP-2019 ની પોલિસી હેઠળ DISCOM જોડે P.P.A. કરનાર MSME એકમોને, MSME ની હેસિયતથી મળવાપાત્ર કેપિટલ અને વ્યાજની સબસિડીઓને ઉપરોક્ત વાદગ્રસ્ત નિર્ણયના અમલીકરણના સ્કોપમાં શમાવિષ્ટ કરવાની હકીકત જોડે સુસંગત નથી. વાદગ્રસ્ત નિર્ણય અને તેની અમલવારીની હાથ ધરવામાં આવેલ કાર્યવાહી, GUVNL એ મને આપેલ જવાબની વિગતોથી સંપૂર્ણપણે વિરુદ્ધ, વિસંગત, વિપરીત અને, અલગ જ છે. GUVNL નો વાદગ્રસ્ત નિર્ણય, તેના સ્કોપ અને તદ્દનુસારની કાર્યવાહીમાં ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 અંતર્ગતની કેપિટલ અને વ્યાજની સબસિડીઓનો શમાવેશ નિશ્ચિતપણે એમ સૂચવે છે કે મને પાઠવવામાં આવેલ તારીખ 25-11-2021 નો પત્ર કે જેમાં આવો કોઈ ઉલ્લેખ નથી, બોગસ છે અને પત્રમાં લખેલ બાબતો નિર્લજ્જ અને બેશરમ રીતે ઉપજાવી કાઢેલી છે. આવો ખરી હકીકતોથી વિપરીત, ઉપજાવી કાઢેલી બાબતોથી ભરપૂર શંકાસ્પદ બોગસ પત્ર ગેરબંધારણીય, ગેરકાયદેસર છે. સત્તાના મદ માં GUVNLના તારીખ 25-11-2021 નો પત્ર પાઠવાનાર અધિકારીએ સદરહુ પત્ર ના માધ્યમ થી નિર્લજ્જ રીતે સામાન્ય માણસની થેકડી ઉડાડેલ છે. (આ સાથે ઉદ્યોગ અને

ખાણ વિભાગ દ્વારા હાઇકોર્ટમાં દાખલ કરેલો પિટિશન નંબર 13056/2021 ના જવાબ ની નકલ સામેલ છે - આંક - ૪).

ઉદ્યોગ વિભાગના નાયબ સચિવશ્રી, નામદાર હાઈકોર્ટ સમક્ષ SCA 13056 ના કામે તેમના જવાબમાં વધુમાં જણાવે છે કે SSDSP-2019 હેઠળના પ્રોજેક્ટમાં DISCOM દ્વારા P.P.A. ધારક પાસેથી સોલાર વિજ ખરીદીના દર રૂ. 2.83/યુનીટ પૈકી રૂ.0.20 એડિશનલ ટેરિફ એ સબસિડી કે ફાઈનાન્સિયલ આસિસ્ટન્સ કે ફાઈનાન્સિયલ સપોર્ટ છે. ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 ની જોગવાઈ મુજબ એક જ કોમ્પોનન્ટ માટે બે આર્થિક સહાય આપી શકાય નહિં, તેથી SSDSP-2019 અંતર્ગત રૂ.0.20 અને ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 હેઠળ કેપિટલ અને વ્યાજની સબસિડીઓ એમ બેવડી આર્થિક સહાય મળી શકે નહિં. "કહેતા ભી દિવાના અને સુનતા ભી દિવાના", બહુ જ જુનો રૂઢીપ્રયોગ છે અને અહીં બિલકુલ લાગુ પડે છે. જો P.P.A. ધારકો એફિડેવિટ મુજબની બે પૈકી ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 અંતર્ગતની કેપિટલ અને વ્યાજની સબસિડી જતી કરે અને તેમ છતાં પ્રોજેક્ટ ચાલુ રાખે તો કોઈ વિવાદ રહેતો જ નથી. SSDSP-2019 માં તો પહેલેથી જ સબસિડીની કોઈ જોગવાઈ નથી, તો કથિત બે સબસિડીઓ પૈકી ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ

પોલિસી-2020 અંતર્ગતની કેપિટલ અને વ્યાજની સબસિડીઓ વિકાસકારોએ છોડી દીધા પછી બીજી કઈ સબસિડી કે આર્થિક સહાય વિકાસકારોને મળે છે તેની ચોખવટ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને પિટિશનર GUVNL જ કરી શકે તેમ છે.

વર્તમાન પિટિશનના કામે ગુજરાત ફેડરેશન ઓફ સોલર ઈન્ડસ્ટ્રીઝની ત્રીજા પક્ષકાર તરીકે જોડાવા દેવાની પરવાનગી માગતી અરજીના GUVNLએ ફાઈલ કરેલી વાંધા અરજીમાં જણાવવામાં આવ્યું છે કે મૌખિક અને ધારણાઓની રીતે કેટલાક વિકાસકારોએ તેમને જણાવ્યું છે કે તેમને સબસિડીઓ મળવાની છે, જે ખરેખર ન મળવાની હોવાથી વિકાસકારોના ઉધ્ધાર માટે વસુલેલા કેટલાક ચાર્જીસ પરત કરી P.PA. છોડવા માટે ONE TIME EXIT OPTION ઓફર કરવામાં આવી છે. માત્ર મૌખિક રજુઆત અને ધારણાને આધારે સરકાર કક્ષાએથી પુરેપુરી કાર્યવાહી કરીને પ્રસ્તુત નિર્ણય જેવો કોઈ નિર્ણય લેવામાં આવે તે બનવા જોગ નથી, કાયદામાં એવી કોઈ જોગવાઈ નથી અને એવી કાયદાકીય જોગવાઈની વિપરીત સરકારશ્રી કક્ષાએથી કામ થાય એ વિના કારણની સમગ્ર કામગીરી સંપૂર્ણપણે ગેરકાયદેસર, બિન પારદર્શક, ભ્રષ્ટાચારની વ્યાજબી શંકાઓ વાળી છે.

જે કોમ્પોનન્ટ માટે રૂ.0.20 નો એડિશનલ ટેરિફ મળે છે અને જે કોમ્પોનન્ટ માટે કેપિટલ અને વ્યાજની સબસિડી મળે છે તે સમાન નથી, અલગ અલગ છે. ઉપરાંત રૂ.0.20 એ એડિશનલ ટેરિફ છે જે પ્રાઈઝ મિકેનિઝમના ભાગ રૂપે છે. વળી SSDSP-2019 ની પોલિસીની ગાઈડલાઈન્સ મુજબ સદરહુ પોલિસી અંતર્ગત થયેલ પ્રોજેક્ટ માટે કોઈ આર્થિક સહાય મળવાપાત્ર નથી, અર્થાત્ જે વિકાસકારો હવે પ્રોજેક્ટ આગળ ધપાવી રહ્યા છે તેમને EPD તરફથી કોઈ સહાય મળવાની નથી, અર્થાત્ મળી રહેલી આર્થિક સહાય શૂન્ય છે. તદુપરાંત સમગ્ર મામલો SSDSP-2019 ની સ્કીમ અને ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 ના ડ્રાફ્ટ દસ્તાવેજોના Interpretation-અર્થઘટનનો છે, બંને પોલિસીમાં સરકારશ્રી તરફથી કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી.

અત્રે, SSDSP-2019 ની સ્કીમ હેઠળ DISCOM જોડે P.P.A. કરનાર કેન્દ્ર સરકારના MSME વિભાગ જોડે કાયદેસર રજીસ્ટર્ડ MSME એકમો, ઉત્પાદન પ્રવૃત્તિ માટે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 અંતર્ગત મળવાપાત્ર કેપિટલ અને વ્યાજની સબસિડીઓ મેળવવા માટે એલીજીબલ ગણાય કે નહિં તે અને તેને સંબંધિત ONE TIME EXIT OPTION જેવી બાબતે ઉપસ્થિત થયેલ વિવાદ ઉપર નિર્ણય જાહેર કરવાની, પિટિશન સાંભળવાની બાબત

નામદાર કમિશનના કાર્યક્ષેત્રમાં, હકુમતમાં આવતી નથી. આ સમગ્ર મામલો, બાબત જેના અનુસંધાને પિટિશન દાખલ કરવામાં આવી છે તે ઈલેક્ટ્રીસીટી એક્ટ-2003 અને તેની જોગવાઈઓ અંતર્ગત કરવામાં આવેલ PPA ની ટર્મસ અને કન્ડિશન હેઠળની નથી. સદરહુ કાયદા તેમજ ટર્મસ અને કન્ડિશન મુજબ GUVNL ના તારીખ 20-07-2021 ના વાદગ્રસ્ત નિર્ણય અનુસંધાને ઉપસ્થિત થયેલ વિવાદ પરત્વે P.P.A. સહી કરનાર DISCOM તથા વિકાસકારો વચ્ચે વિવાદના સમાધાનના ઉદ્દેશથી કોઈ પત્રવ્યવહાર કે પ્રયનો થયેલ હોવાનું રેકોર્ડ ઉપર નથી. ઉભયપક્ષે આવા પ્રમાણિક અને પુરતા પ્રયત્નો સિવાય નામદાર કમિશન સમક્ષ ઈલેક્ટ્રીસીટી એક્ટ-2003 ની જોગવાઈઓ અને P.P.A. ની ટર્મસ અને કન્ડિશન હેઠળ વિવાદ કે વિવાદના વિષયની કોઈ અંગભુત બાબતને નામદાર કમિશન સમક્ષ નિરાકરણ માટે ઉપસ્થિત કરવાનું ખુલ્લું અને પરવાનગીપાત્ર નથી. અત્રે પિટિશનર GUVNL ના વાદગ્રસ્ત નિર્ણયથી ઉપસ્થિત થયેલ વિવાદ ઈલેક્ટ્રીસીટી એક્ટ-2003 ની જોગવાઈઓ હેઠળ નિરાકરણને પાત્ર હોય તેવો અને PPA ની ટર્મસ અને કન્ડિશનના ભંગ બદલનો નથી. SSDSP-2019 અંતર્ગત DISCOM જોડે PPA કરનાર વિકાસકારોને, સરકાર માન્ય MSME એકમોની હેસિયતથી, સોલાર વિજ ઉત્પાદન પ્રવૃત્તિ કરનાર MSME તરીકે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020

અંતર્ગતની મળવાપાત્ર કેપિટલ અને વ્યાજની સબસિડીઓ, મળવાની બાબત પ્રભાવિત થઈ છે, જેને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અસરગ્રસ્તો દ્વારા અલગ અલગ S.C.A. કરીને પડકરવામાં આવેલ છે. આવી રીટ પિટિશનો નામદાર ગુજરાત હાઈકોર્ટે એડમિટ કરેલ છે, અર્થાત મેટર સબજ્યુડિશ છે. વિકાસકારોને મળવાપાત્ર સબસિડીઓ નહિં આપવા પાછળ બે કારણો નામદાર હાઈકોર્ટ સમક્ષ કેટલાક વિકાસકારો દ્વારા થયેલ SCA No. 13056/2021 ના જવાબમાં ઉદ્યોગ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યા છે. તે મુજબ P.P.A. માં નિર્દિષ્ટ રૂ.0.20 નો એડિશનલ ટેરિફ એ સરકાર દ્વારા પ્રસ્તાવિત નાણાકીય સહાય છે. હવે જવાબ મુજબ એક જ ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 ના પેરા 17 મુજબ એક જ કોમ્પોનન્ટ માટે સરકાર દ્વારા બે અલગ અલગ નાણાકીય સહાય મળી શકે નહિં, તેથી રૂ.0.20 નો એડિશનલ ટેરિફ એ નાણાકીય સહાય હોય ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 અંતર્ગતની કેપિટલ અને વ્યાજની સબસિડીઓ મળી શકે નહિં. આ સમગ્ર ઘટનામાં ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 અંતર્ગતની સબસિડીઓ સિવાય પ્રોજેક્ટ ચાલુ રાખવા સરકાર સંમત છે. મતલબ કે SSDSP-2019 ની ગાઈડલાઈન્સ મુજબ વિકાસકારોને તેમાં કોઈ નાણાકીય સહાય મળી રહી નથી, મળી રહેલ નાણાકીય સહાય શૂન્ય છે. આમ ખરી હકીકતે વિકાસકારોને મળવાપાત્ર નાણાકીય સહાય એક માત્ર ઈન્ડસ્ટ્રિયલ

પોલિસી-અંતર્ગતની કેપિટલ અને વ્યાજની સબસીડીઓ જ છે. આમ, વિવાદના વિષયનું કારણ, કોઈ પણ આયામથી અને કોઈ પણ સંજોગોમાં ઈલેક્ટ્રીસીટી એક્ટ-2003 ની જોગવાઈઓ હેઠળનું અને તે અંતર્ગત થયેલ P.P.A. ની ટર્મસ અને કન્ડિશનના ભંગનું નથી. તેથી પણ નામદાર કમિશન આવા વિવાદ અને અંગભુત કોઈ પણ બાબતના નિરાકરણ માટેનું કાયદેસરનું યોગ્ય ફોરમ નથી. નામદાર કમિશનના જ્યુરિડિક્શનના સ્કોપમાં પિટિશનની વિષયવસ્તુ શમાવિષ્ટ નથી જેથી Petitioner દ્વારા માંગવા માં આવેલી દાદની Petition રદ કરવા યોગ્ય છે.

ઉપરોક્ત હકીકતો સિવાય નીચેના મુદ્દાઓ (Suggested issues) મહત્વના છે અને નામદાર કમિશન આવા સજેસ્ટેડ ઈસ્યુઝ ધ્યાને, વંચાણે લઈ તે સહિત વર્તમાન પિટિશન પરત્વેનો અંતિમ ચુકાદો જાહેર કરે તેવી મારી નમ્ર વિનંતી છે.

10.11. Suggested Issues:

(૧)વર્તમાન પિટિશન ઈલેક્ટ્રિસિટી એક્ટ-2003 ના કયા Provision તથા Regulation હેઠળ Admissible Maintainable છે?

(૨) શું ઈલેક્ટ્રિસિટી એક્ટ-2003ની કલમ ૮૬(૧)(બ) તેમજ ૮૬(૧)(ઈ) હેઠળ નામદાર કમિશનને પ્રાપ્ત સત્તાઓ અને ફરજો તથા તે અંતર્ગતની કામગીરીના સ્કોપ હેઠળ નામદાર કમિશન સમક્ષ પિટિશનરો દ્વારા નિરાકરણ માટે રજુ કરવામાં આવતી બાબતો અને તે બાબતે માગવામાં આવતી દાદ પર કાયદેસર યોગ્ય કાર્યવાહી હાથ ધરીને નિર્ણય લેવાની કામગીરીમાં માગેલ દાદ અને તે અંતર્ગત વિષયવસ્તુની પ્રિસ્કાઈબ્ડ યાદીમાં વર્તમાન પિટિશનની વિષયવસ્તુ અને માગેલ દાદ શામેલ છે ?

(૩) શું નામદાર કમિશનને કનેક્શન Charges માટે GUVNL તથા ડિસ્ટ્રિબ્યૂશન Licensee દ્વારા વસુલવામાં આવેલ 1.00 લાખ પાછા આપવા માટેની મંજૂરી આપવાની હકુમત અને સત્તા પ્રાપ્ત છે કે કેમ? જો આવી સત્તા હોય તો તે બાબતે કાયદાની જોગવાઈ સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના.

(૪) શું ઈલેક્ટ્રિસિટી એક્ટ-2003 ની કલમ ૮૬(૧)(ઈ) હેઠળ નામદાર કમિશનને SSDSP સ્કીમ હેઠળના P.P.A. ધારકો પાસેથી કનેક્શન ચાર્જિસ વસૂલવાની ડિસ્ટ્રિબ્યુશન લાઈસન્સીને મંજુરી આપવાની માંગણી GUVNL

દ્વારા પિટિશન કર્યેથી તેવી મંજુરી આપતો ઓર્ડર કરવાની હકુમત અને સત્તા પ્રાપ્ત છે? જો આવી સત્તા હોય તો તે બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના.

(૫) શું નામદાર કમિશનની હકુમત અને સત્તાની બહારના વિષયે, પોતે ખોટું અને ગેરકાયદેસર કૃત્ય કરે છે તેમ જાણતા હોવા છતાં, બદ્દઈરાદાપૂર્વક, કાયદાના ભંગ સાથે મર્યાદીત લોકો ને લાભ કરવાના હેતુ થી અને ગુજરાત ના લગભગ 01 કરોડ ગ્રાહકો ને નુકસાન થાય તેવા આશય થી આ દાદ માંગીને GUVNL જેવા પિટિશનરો, પિટિશન દાખલ કરીને નિર્ણય જાહેર કરવાની માંગ કરે તો નામદાર કમિશનને તેવી પિટિશન હકુમત અને સત્તાના મુદ્દા પર ડિસમિસ કરવા ઉપરાંત તેવા પિટિશનરો વિરુદ્ધ કાર્યવાહી કરીને દાખલો બેસે તે રીતે દંડ કરીને નામદાર કમિશન તથા પબ્લિક નો સમય, માનવ કલાકો અને જાહેર નાણાં ના વ્યર્થ વ્યય વિરુદ્ધ કડક પગલાં લઈ તેવી પિટિશનની વ્યર્થ કાર્યવાહીથી અસર પામતા SSDSP સ્કીમના નિર્દોષ, બોનાફાઈડ P.P.A. ધારકો તથા ગુજરાત ના 01 કરોડ જેટલા ગ્રાહકો કે જેના બિલને આ કેસ ના નિર્ણય ની અસર થનાર હોય તેવા ગ્રાહકોને નુકશાન કરી આવા 01 કરોડ ગ્રાહકો ને સાંભળ્યા વગર માત્ર પીટીશનર GUVNL ને જ ફક્ત સાંભળીને હુકમ કરવાની શું નામદાર કમિશન ને સત્તા છે ? જો આવી

સત્તા હોય તો તે બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના.

(૬) પિટિશનરએ, આ પિટિશન ઈલેક્ટ્રીસીટી એક્ટની કલમ ૮૬(૧)(બ) તથા ૮૬(૧)(ઈ) હેઠળ કરેલ છે અને તેમાં SSDSP સ્કીમ અંતર્ગતના P.P.A. ધારકો પાસેથી ઇલેક્ટ્રિસિટી એક્ટના નિયમો અનુસાર તથા નામદાર કમિશનના નિયમો અનુસાર કનેક્ટિવિટી ચાર્જીસના હેડ હેઠળ નાણાં લીધેલ છે તો આ રકમ પરત કરવા/પાછા આપવા હુકમ કરવાની હકુમત અને સત્તા નામદાર કમિશનને કયા કાયદાની જોગવાઈ હેઠળ છે? શું કલમ 86(1) (બી) કે 86 (1) (ઈ) માં એવી જોગવાઇ છે કે સોલર પાવર પ્લાન્ટ નાંખવામાં આવેલ હોય અને તે અંગે લાયસન્સી પાસેથી કનેક્ટિવિટી ચાર્જ લેવામાં આવેલ હોય તો તે પાછો આપવો કે નહીં તે નામદાર કમિશન પોતાના દ્વારા બનાવવામાં આવેલ ઓપન એક્સેસ રેગ્યુલેશન કે જે ગુજરાત વિધાનસભા દ્વારા પાસ કરવામાં આવ્યાથી તે એક કાયદો છે તેના વિરુદ્ધ પાછળની તારીખથી સુધારો વધારો કરી મર્યાદીત સોલર ડેવલપર ને ફાયદો કરાવવાના આશયથી ફેરફાર કરી આ રકમ પરત આપવામાં આવે તેવો હુકમ કરવાની સત્તા શું ઉપરોક્ત કલમો જણાવે છે? જો આવી સત્તા હોય તો તે

બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના.

(૭) શું નામદાર કમિશનને પોતે, પોતાની હકુમત અને સત્તા અંતર્ગત ઘડીને જાહેર(Promulgate) કરેલ રુલ્સ રેગ્યુલેશન કે ઓર્ડરને પશ્ચાદવર્તી અસરથી રદ્દ , એમેન્ડ કરવાની હકુમત અને સત્તા ઈલેક્ટ્રિસિટી એક્ટ-2003 કે અન્ય કોઈ કાયદા હેઠળ છે કે કેમ? જો આવી સત્તા હોય તો તે બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના.

(૮) શું રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર કે GUVNL કે Distribution Licensee નામદાર કમિશન સમક્ષ પિટિશન દાખલ કરીને દાદ માંગે કે તેમના દ્વારા લેવામાં આવેલ કનેક્શન ચાર્જીસની રકમ પરત આપી દેવાની પરવાનગી આપવામાં આવે તેવો કમિશન હુકમ કરી શકે ? જો કમિશન હુકમ કરે તો કયા કાયદા અને તેની કલમ હેઠળ ? જો આવી સત્તા હોય તો તે બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના.

(૯) શું નામદાર કમિશનને Open Access ની કલમ (૭) માં પશ્ચાદવર્તી અસરથી, પાછલી તારીખથી સુધારો કરવાની અને તેના આધારે અમુક લોકોને લાભ આપવાની અને અમુક (2600) લોકોને લાભ આપી કનેક્શન ચાર્જીસ પરત કરવાની હકુમત અને સત્તા છે અને બાકીના લોકો ને (1400) આવી રકમ પરત નહિં કરવાની સત્તા પ્રાપ્ત છે? અને હોય તો કયા કાયદા અને તેની કલમ ને આધારે ? શું ગુજરાત સરકાર ની ઓરિજનલ પોલિસી કે કમિશન નો 1802/2021 તથા 1954/2021 નો હુકમ SSDSP જનરેશનના P.P.A. કર્યા પછી એક્ઝિટ ઓપ્શન પરવાનગીપાત્ર છે? જો હોય તો તે અગાઉના કયા ઓર્ડરના આધારે સત્તા પ્રાપ્ત છે? જો આવી સત્તા હોય તો તે બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના.

(૧૦) શું કમિશન વર્તમાન પિટિશન માં માંગેલ દાદ મંજૂર કરતો હુકમ કરીને પોતાની પિટિશન નંબર 1802/2021 તથા 1954/2021 માં કરેલ હુકમ ને પશ્ચાદવર્તી અસરથી કે પાછલી તારીખથી એમેન્ડ કરી પિટિશનની માંગણી કયા કાયદા હેઠળ મંજૂર કરી શકે છે? શું કમિશન ઉપરોકત પિટિશન માં હુકમ કર્યા બાદ functus officio બન્યા બાદ આ પિટિશન માં પાછળની તારીખથી અમેન્ડમેન્ટ કરી શકે? શું આવો વધારો કરવામાં

આવે તો તે Review of order ગણાય કે નહી? શું તે Review of Orderહોય તો આ પિટિશન માં GUVNL એ Review of Order ની માંગણી કરેલ છે? અને તેમાં ધારા ધોરણો પૂર્ણ કરેલ છે અને જો કરેલ હોય અને પૂર્ણ થઈ શકતા હોય તો નામદાર કમિશન તે બાબતે કારણો સહિત હુકમ કરે તેવી અમારી પ્રાથના છે.

(૧૧) શું નામદાર કમિશન તેના પિટિશન નંબર 1802/2021 ના નિર્ણય મુજબ SSDSP સ્કીમ અંતર્ગત SSDSP GENERATOR અને Distribution licensee P.P.A વચ્ચે થયેલ છે અને આ કરાર(P.P.A.)માં કોઈ એક્ઝિટ ઓપ્શન નો Clause નથી તેમજ નામદાર કમિશનએ પોતાના હુકમમાં પણ એક્ઝિટ ઓપ્શન નો ઉલ્લેખ કરેલ નથી કે મંજૂર કરેલ નથી કે નિર્ણિત કરેલ નથી, આવા સંજોગોમાં માં શું નામદાર કમિશન વર્તમાન પિટિશનની, પિટિશનરએ માગેલ દાદ મંજુર કરીને તેને પોતે મંજુર કરેલ P.P.A માં એક્ઝિટ ઓપ્શનનો Clause પશ્ચાદવર્તી અસરથી દાખલ કરી શકે છે?, કયા કાયદાની જોગવાઈ હેઠળ ? જયારે કે વર્તમાન પિટિશનમાં માગેલ દાદ પણ નામદાર કમિશનની હકુમત અને સત્તાના સ્કોપની બહાર છે. શું નામદાર કમિશનને પોતાનો અગાઉનો પિટિશન નં. 1802/2021 નો નિર્ણય વર્તમાન પિટિશનની માંગેલ દાદ મંજૂર કરતો હુકમ કરીને તે

હુકમ સુધારવાની હકુમત અને સત્તા પ્રાપ્ત છે. જો આવી સત્તા હોય તો તે બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના છે.

(૧૨) શું સરકાર, સરકારી કે અર્ધ સરકારી કંપનીઓ દ્વારા નામદાર કમિશન સમક્ષ માગેલ દાદ મંજુર કરવાની પ્રાર્થના સહ રજુ થતી પિટિશનોમાં ઉલ્લેખિત કે જેના આધારે પિટિશન દાખલ કરવામાં આવી હોય તેવા સરકારશ્રીના ઠરાવો, પરિપત્રો કે જાહેરનામા કે તેના નિર્ણયોની કાયદેસરતા તપાસવાની હકુમત અને સત્તા ધરાવે છે? જો આવી સત્તાહોય તો તે બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના

(૧3) શું નામદર કમિશન વર્તમાન પિટિશન ના કામે, DISCOM અને MSME વિકાસકારો વચ્ચે થયેલ P.P.A ની શરતોમાં ન હોય તેવા મુદ્દા ઉપર નિર્ણય કરવાની હકુમત અને સત્તા ધરાવે છે? જો આવી સત્તા હોય તો તે બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાની હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના.

(૧૪) GUVNL ની P.P.A. ધારક વિકાસકારોને વન ટાઈમ એક્ઝિટ ઓપ્શન હેઠળ P.PA ફોક કરીને કનેક્શન ચાર્જીસ પરત કરવાની જે માંગણી છે તે મુજબ માત્ર P.PA માં થી નિકળી જવા માંગતા વિકાસકારોને જ P.P.A. ની શરતોથી બહાર કનેક્શન ચાર્જીસ પરત કરવા દેવાની પરવાનગી માંગવામાં આવી છે. સદર P.P.A. કરાર અધિનિયમની જોગવાઈ હેઠળ થયેલા છે અને કરારભંગ થવાની સ્થિતિમાં કરારની તમામ શરતોનું આદર્શ પાલન સરકારની બંધારણીય અને કાયદેસરની ફરજ છે. કરાર અધિનિયમ હેઠળ P.P.A. ની શરતોમાં, કોઈ અનિવાર્ય કારણોસર ફેરફાર કરવો પડવાની સ્થિતિમાં SSDSP સ્કીમ હેઠળ P.P.A. સહી કરેલ તમામ વિકાસકારો જોડે સાર્થક, સર્વશમાવેશી પરામર્શ કરીને સર્વસંમતિથી કામગીરી કર્યા સિવાય આવા ફેરફારનો એકતરફી ઓપન નિર્ણય લઈને સરકારએ હાથ ધરેલ કાર્યવાહી કાયદેસરની નથી અને કરારભંગની આ બાબત બંધારણીય જોગવાઈઓના અને અન્ય લાગુ પડતા કાયદાઓના સરકાર દ્વારા ભંગ થયાની ફરિયાદ તેને માટે યોગ્ય હકુમત અને સતા ધરાવતી નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આશરે 60 થી વધુ રિટ પિટિશનો દાખલ કરીને વિકાસકારો દ્વારા કરવામાં આવી છે જે બધી જ નામદાર હાઈકોર્ટે એડમિટ કરેલી છે અને પેન્ડિંગ છે. વધુને વધુ

વિકાસકારો વ્યક્તિગત હેસિયતથી સમાન દાદ માંગતી રિટ પિટિશનો દાખલ કરી રહ્યા છે. પિટિશનરોએ માંગેલ દાદની વિષયવસ્તુ બંધારણીય જોગવાઈઓ અને કરાર અધિનિયમ તથા P.P.A. ની શરતોના GUVNL દ્વારા ભંગના આરોપોથી ગ્રસ્ત હોય નામદાર કમિશનથી ઉપરની અપીલી હકુમત અને સત્તા ધરાવતી નામદાર હાઈકોર્ટ સમક્ષ પેન્ડિંગ અને નિર્ણયાધિન હોય ત્યારે નામદાર હાઈકોર્ટના નિર્ણય પૂર્વે ઉતાવળે કાર્યવાહી ચલાવીને નિર્ણય લેવાનું નામદાર કમિશનની હકુમત અને સત્તાના સ્કોપની બહાર છે અને વિવેકપૂર્ણ નથી જે જોવાની સત્તા નામદાર કમિશનને છે. જો આવી સ્કોપ બહારની સત્તા હોય તો તે કયા કાયદા હેઠળ છે તે બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના.

(૧૫) પિટિશનરે SSDSP સ્કીમ હેઠળ બધા જ P.P.A. ધારક વિકાસકારો પાસેથી કનેક્શન ચાર્જીસ પેટે ₹ એક લાખ વસૂલેલ છે. તે પૈકી 2600 વિકાસકારોને તે પરત કરવા દેવાની પરવાનગીની માંગણી કરે છે. જે રકમ કરોડો માં છે. આ રકમ GUVNL તેમજ ડિસ્ટ્રિબ્યુશન Licensee ના આવકના સ્ત્રોત માં જે તે વર્ષ માં આવી ગયેલ છે તે રકમનો લાભ અન્ય ગ્રાહકોની ટેરિફ ગણતરી વખતે ધ્યાને લેવામાં આવેલ છે અને

તેના આધારે ટેરિફ ગણવામાં આવેલ છે જો કાયદેસર નામદાર કમિશનના પોતાના બનાવવામાં આવેલ રેગ્યુલેશન ની રકમ છે અને તેની અસર જે તે વર્ષના ટેરિફ ઓર્ડર માં ગણતરી માં લેવામાં આવેલ હોય તે તેનો લાભ 01 કરોડ જેટલા ગ્રાહકો ને મળેલ છે ને આવી કરોડો રૂપિયાની રકમ પરત કરવાની થાય તો તે પાછળની તારીખ થી પરત થાય અને શું આ રકમ જે GUVNL એ પોતે ભોગવવાની છે કે તેની કંપનીઓ ભોગવવાની છે કે તે રકમ 01 કરોડ જેટલા ગ્રાહકો પાસેથી વસૂલ કરવા માંગે છે. શું તે 02 વર્ષ પછી મંજૂર રાખી શકાય ? જો જવાબદારીમાં હોય તો નામદાર વીજ પંચે પોતાનો નિર્ણય જાહેર કરે. આવી સ્તિથિમાં આવી કરોડો રૂપિયાની રકમ પરત કરવામાં આવે તો તેની વિપરિત અસર કાયદેસર બિલ ભરતા વાણિજ્ય, ઔદ્યોગિક, રહેણાંક, એગ્રિકલ્ચરલ વપરાશકર્તા પર પડે તો શું તેના માટે GUVNL જવાબદાર ગણાય ? તો આવી બાબતે નામદાર કમિશન કારણો સહિત પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથનાછે.

(૧૬) શું પિટિશનર અને અન્ય કો-પિટિશનરોએ આજદિન સુધી તેમની પાસેથી કાયદેસર નામદાર કમિશને ઠરાવ્યા મુજબ ગ્રાહકોને કનેક્શન લીધેલ હોય અને તદ્દનુસાર કનેક્શન ચાર્જીસની રકમ વસૂલ કરેલ હોય

અને તે રકમ પછી ગ્રાહકોને પરત કરેલ હોય તેવું કૃત્ય કરેલ છે કે જેમાં રકમ પરત કરવાનું આ કેસની જેમ કોઈ પ્રાવધાન ના હોય ? જો હોય તો તે બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના

(૧૭) શું નામદાર કમિશન માટે વર્તમાન પિટિશનના કામે માગેલ દાદ ઉપર નિર્ણય જાહેર કરવા દરમ્યાન સરકારના ઠરાવો, પરિપત્રો કે નિર્ણય માન્ય રાખવા બંધનકર્તા છે? જો હોય તો તે બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના છે.

(૧૮) શું નામદાર કમિશન સમક્ષની વર્તમાન પિટિશન પર ન્યાય નિર્ણય કરવાની કામગીરીમાં, નામદાર કમિશન માટે બંધનકર્તા રૂલ્સ રેગ્યુલેશન કાયદાની કલમો અને પોતાના અગાઉના સંલગ્ન હુકમો ને અવગણીને જેનો Statutory force ન ધરાવતા સરકારના ઠરાવો, પરિપત્રો કે નિર્ણયો ઉપર ઉપરવટ અસર ધરાવે છે? જો હોય તો તો તે આવી બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના છે.

(૧૯) નામદાર કમિશન પોતાના દ્વારા બનાવવામાં આવેલ રેગ્યુલેશન કે જેમાં પહેલા ડ્રાફ્ટ રેગ્યુલેશન બનાવી અને તેના પર પબ્લિક પાસેથી કોમેન્ટ્સ મંગાવી પબ્લિક ને સાંભળ્યા બાદ પબ્લિકની રજૂઆતોને ધ્યાને લઈ કાયદેસર નિયત કાર્યવાહી કરી ફાઈનલ ડ્રાફ્ટ થી રેગ્યુલેશન બનાવેલ હોય અને તે સંસદ કે વિધાનસભા સમક્ષ મૂકવામાં આવેલ. હોય અને ત્યાં તે પસાર થઈને કાયદો બને આવી પ્રક્રિયાથી બનેલા કાયદાની જોગવાઇઓ ત્યારપછીની દરેક કામગીરીમાં સરકાર, નામદાર કમિશન, GUVNL, ગ્રાહકો,પાવર ડેવલપર બધાને એક સરખી રીતે બંધનકર્તા છે. શું નામદાર કમિશન તેમાં સુધારા માટેની ઉપરોક્ત પ્રક્રિયા એટલે કે એમેન્ડમેન્ટની પ્રક્રિયા હાથ ધરી, ડ્રાફ્ટ બનાવી, પબ્લિક નોટિસ આપવી, પબ્લિક કોમેન્ટસ્ મંગાવી, તેને સાંમભળ્યા પછી રેગ્યુલેશન બનાવી, પાર્લામેન્ટ કે વિધાનસભામાં મૂકી મંજૂર કરવાની કાયદેસરની પ્રક્રિયા ને અવગણી, તેની ઉપરવટ જઈ મનસ્વી રીતે GUVNL કે સરકાર કે અન્ય કેટલાક પ્રોજેક્ટ ડેવલપરની રજૂઆતને આધારે રેગ્યુલેશનના નિયમોમાં ફેરફાર કરી તેમના દ્વારા આપવામાં આવેલ ₹ 1.00 લાખની રકમ પરત કરવાનો હુકમ GUVNL દ્વારા કરવામાં આવેલ પિટિશનમાં કરી શકે? શું તે સ્પષ્ટ રીતે ઈલેક્ટ્રિસિટી એક્ટ-2003, નામદાર કમિશનના

પોતાના રેગ્યુલેશન તેમજ ઓર્ડર સાથે સુસંગત ન હોય તો તે દાખલ કરી શકાય ? જો દાખલ કરી શકાય તો કાયદાની કઈ કલમ ની જોગવાઈ હેઠળ નામદાર કમિશન હેઠળ દાખલ કરી શકે તે સ્પષ્ટ કરી કારણો સહિત પોતાનો નિર્ણય જાહેર કરે જેથી અમો તેને પડકારી શકીયે. ઉપરોક્ત બાબતે અમો અમારી વધારાની રજૂઆતો કરવાનો હુકમ અબાધિત રાખીએ છીએ અને જે અમો જરૂર પડયે કરીશું જે અમો જાહેર કરીએ છીએ. શું નામદાર કમિશનને P.P.A માં જણાવવામાં આવેલ કલમો કે કલોઝમાં સુધારો કરવાની સત્તા છે ? શું GUVNL એ સરકારી કંપની હોય તો તે P.PA જે નામદાર કમિશન દ્વારા મંજૂર કરવામાં આવેલ હોય તેમાં નામદાર કમિશન ફેરફાર કરવાની સત્તા, અધિકાર અને હકુમત ધરાવે છે ? અને જો આવા કોઈ ફેરફાર કરે તો નામદાર કમિશન ની મંજૂરી વગર આવો ફેરફાર અમલી બની શકે કે તેને ગ્રાહ્ય રાખી તેને અસર આપી શકાય? શું GUVNL જે P.PA. ૨૬ કરી રૂપિયા 1.00 લાખ નું રિફડ આપવા માંગે છે તે ખોટું, ગેરકાયદેસર અને નામદાર કમિશનના રેગ્યુલેશન ના ભંગ સમાન અને ગુજરાતના 01 કરોડ જેટલા ગ્રાહકોના હિત વિરુદ્ધનો નિર્ણય હોય કાર્યવાહી હોય માન્ય રાખી શકાય?શું તે નામદાર સુપ્રીમ કોર્ટ ના GUVNL ના તરફેણમાં આપવામાં આવેલ ચુકાદા કે જેમાં આવા ફેરફાર

થવાની સત્તા નામદાર કમિશનને નથી તેમ ઠરાવવામાં આવેલ હુકામોમાં ભંગ સમાન હોય શું નામદાર કમિશન આવા હુકમોથી વિપરીત નિર્ણય કરી GUVNL ની ગેરકાયદેસરની પક્ષપાતી તેમજ ગુજરાત ના 01 કરોડ જેટલા ગ્રાહકોના હિત વિરુદ્ધ ના નિર્ણય ને માન્ય કે વેલીડ રાખી શકાય ? તો આવી બાબતે કારણો સહિત નામદાર કમિશન પોતાનો હુકમ જાહેર કરે તેવી અમારી પ્રાથના છે.

(૨૦) શું P.P.A., GUVNL દ્વારા ટર્મિનેટ કરેલ હોય તો તેણે P.P.A. ની જોગવાઈ મુજબ સોલાર પાવર પ્રોજેક્ટ ડેવલોપર્સના કહેવાથી અથવા તેમની માંગણી પ્રમાણે વિકાસકારોને નુકસાન વળતરની રકમ આપેલ છે? જો આપેલ હોય તો કેટલી છે તે જણાવે અને તેને કેસ રેકોર્ડ પર અમો અમારી રજૂઆત કરીશું.

(૨૧) શું GUVNL દ્વારા એકતરફી P.P.A. રદ કરવાની કાર્યવાહી કરેલ હોય અને P.PA રદ થયેલ હોય તો શું સોલર વિકાસકારો P.P.A પ્રમાણે બે પાર્ટી વચ્ચે નક્કી થયેલ અને જેને કમિશને મંજૂર રાખેલ હોય તે વળતરની રકમ જે તે મુજબ 4000 વિકાસકારોને ને અબજો રૂપિયાના

નુકશાન વળતર (Compensation) ની રકમ નક્કી કરી ને GUVNL એ ચૂકવેલ છે? જો આવી બાબતો હોય તો નામદાર કમિશન જાહેર કરે તેવી અમારી પ્રાથના છે.

(૨૨) તાજેતરમાં DISCOM તરફથી એડવોકેટ મારફત P.P.A હેઠળની કામગીરી બાબતે વિકાસકારોને પર્ફોમન્સ બેંક ગેરેન્ટીને ફોરફીટ કરવા બાબતની નોટિસ આપવામાં આવેલ છે. જ્યારે સમગ્ર મુદ્દો સબ- જ્યુડિશ છે ત્યારે આવું કૃત્ય ગેરકાયદેસર અને કુદરતી ન્યાય ના સિદ્ધાંત ની વિરુદ્ધ છે.

(23) વાદગ્રસ્ત નિર્ણય નો પત્ર તારીખ 20-07-2021 અને તેની કાર્યવાહી થી ઉપસ્થિત થયેલ દાવાદુવી ને કારણે SSDSP-2019 સ્કીમ હેઠળના આશરે 4000 જેટલા વિકાસકારોના પ્રોજેકટ અટવાઈ પડેલા છે જે અનુસંધાને અવારનવાર જુદાં જુદાં વર્તમાનપત્રો માં ખબર છપાતી રહે છે અને વિકાસકારો ના કરોડો રૂપિયા ફસાઈ ગયા છે અને તેઓ મુંજવણ અનુભવી રહ્યા છે.

(24) વર્તમાન પરિસ્થિતિમાં અનિશ્ચિતાઓના કારણે પ્રોજેકટ માં વિલંબ થવાથી તેમજ પ્રોજેકટ માટે બૅન્કો તરફથી લોનના નિર્ણયો બાબતે વાદગ્રસ્ત નિર્ણયની વિરુદ્ધ થયેલ દાવાઓના નિકાલ સુધી રાહ જોવામાં આવી રહી છે દરમ્યાનમાં ચીન ખાતેથી ફરી COVID ના કેસ ના કારણે લોકડાઉન હોવાથી માલ યીગ્ય સમયે ઉપલબ્ધ નહીં હોવાથી તેમજ કાચા માલ ની પડતર કોસ્ટમાં ખુબજ ભાવ વધારો થયેલ હોવાથી રૂપિયા 2.83/યુનિટ ના P.P.A માં નિર્દિષ્ટ ભાવમાં યોગ્ય વધારો કરવો જરૂરી છે જે કમિશન પોતાના યોગ્ય હુકમથી જાહેર કરે.

10.12. માગેલ દાદ

(1) ઉપરોક્ત હકીકતો ધ્યાને, વંચાણે લઈ પિટિશનરની માગેલ દાદ અને તેની વિષયવસ્તુ સંપૂર્ણપણે ગેરકાયદેસર,નામદાર કમિશનની હકુમત, સત્તાઓ અને ફરજોની બહાર હોય તથા બે પાર્ટી વચ્ચે થયેલ કરાર (P.P.A.) સાથે સુસંગત ન હોય અને જેને કમિશને મંજૂર રાખેલ ન હોય, કાવતરાનો ભાગ હોય તે ન્યાયના હિતમાં નામંજૂર કરતો તેમજ

વિકાસકારોને યોગ્ય નુકશાન વળતરનો હુકમ કરવા નામદાર કમિશનને મારી નમ્ર પ્રાર્થના છે.

(2) તારીખ 25-11-2021 ના મારી આદરણીય મહામહીમ રાષ્ટ્રપતિશ્રી,માનનીય વડાપ્રધાનશ્રી અને અન્ય સત્તાઓને કરેલ જનહિતની અરજીઓના મને આપેલ તારીખ 25-11-2021 ના જવાબમાં GUVNL એ આપેલ નિવેદનની બાબત, તેના તારીખ 20-07-2021 ના વાદગ્રસ્ત નિર્ણયના "SSDSP સ્કીમ અંતર્ગત કોઈ સબસિડી આપવામાં આવશે નહિ" તથા વાદગ્રસ્ત નિર્ણયની અમલવારીનો વિસ્તાર ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકની ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 અંતર્ગતની SSDSP-2019 ની પોલિસી હેઠળ DISCOM જોડે P.P.A. કરનાર MSME એકમોને, MSME ની હેસિયતથી મળવાપાત્ર કેપિટલ અને વ્યાજની સબસિડીઓને ઉપરોક્ત વાદગ્રસ્ત નિર્ણયના અમલીકરણના સ્કોપમાં શમાવિષ્ટ કરવાની હકીકત જોડે સુસંગત નથી. વાદગ્રસ્ત નિર્ણય અને તેની અમલવારીની હાથ ધરવામાં આવેલ કાર્યવાહી, GUVNL એ મને આપેલ જવાબની વિગતોથી સંપૂર્ણપણે વિરુદ્ધ, વિસંગત, વિપરીત અને, અલગ જ છે. GUVNL નો વાદગ્રસ્ત નિર્ણય, તેના સ્કોપ અને તદ્દનુસારની કાર્યવાહીમાં ગુજરાત

ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-2020 અંતર્ગતની કેપિટલ અને વ્યાજની સબસિડીઓનો શમાવેશ નિશ્ચિતપણે એમ સૂચવે છે કે મને પાઠવવામાં આવેલ તારીખ 25-11-2021 નો પત્ર કે જેમાં આવો કોઈ ઉલ્લેખ નથી, બોગસ છે અને પત્રમાં લખેલ બાબતો નિર્લજ્જ અને બેશરમ રીતે ઉપજાવી કાઢેલી છે. આવો ખરી હકીકતોથી વિપરીત, ઉપજાવી કાઢેલી બાબતોથી ભરપૂર અને બોગસ પત્ર ગેરબંધારણીય, ગેરકાયદેસર અને દંડનીય ફોજદારી અપરાધ છે. આવા ગેરબંધારણીય, ગેરકાયદેસર, વિસંગતતા વાળા 20-07-2021 તેમજ 25-11-2021 ના પત્રો જેને કારણે સમગ્ર SSDSP-2019 ના સોલર પ્રોજેકટ ખોરંભે થઈ ગયા છે અને તેને લીધે સરકારી તિજોરીને અને વિકાસકરોને કરોડો રૂપિયાનું નુકશાન થયેલ છે. હોદ્દાની રૂએ મને તારીખ 25-11-2021 નો પત્ર પાઠવનાર GUVNL ના અધિકારી વિરુદ્ધ ન્યાયના તેમજ જનહિતમાં ખાતાકીય તપાસ, ફોજદારી પગલાં અને ફોજદારી ફરિયાદ દાખલ કરવાનો જવાબદાર અને સક્ષમ ઓથોરિટીને નિર્દેશ કરવા મારી નામદાર કમિશનને નમ્ર વિનંતી છે.

(૩) અમારી આ અરજીમાં સમાવિષ્ટ દરેક પોઈન્ટ ઓફ એલિગેશનને પોઈન્ટ ટુ પોઈન્ટ ડીલ કરીને પ્લીડિંગ ફાઈલ કરે તેવો નિર્દેશ કરવા નામદાર કમિશનને મારી નમ્ર અરજ છે.

(4) તાજેતરમાં DISCOM તરફથી એડવોકેટ મારફત P.P.A. હેઠળની કામગીરી બાબતે વિકાસકારોને નોટિસ આપવામાં આવેલ છે. વર્તમાન પિટિશન ના અંતિમ નિર્ણય સુધી આવી કાર્યવાહી ને સ્ટે કરવા તાત્કાલિક હુકમ કરવા નમ્ર વિનંતી છે.

(5) તારીખ 20-07-2021 ના વાદગ્રસ્ત નિર્ણય તથા તેની અનુસાંગિક કાર્યવાહી ને કારણે વર્તમાન પિટિશન બાબતે નામદાર કમિશન અતિમ નિર્ણય જાહેર કરે ત્યાં સુધી સ્ટે ફરમાવવા નમ્ર અરજ છે.

(6) વાદગ્રસ્ત નિર્ણય નો પત્ર તારીખ 20-07-2021 અને તેની કાર્યવાહી થી ઉપસ્થિત થયેલ દાવાદુવી ને કારણે SSDSP-2019 સ્કીમ હેઠળના વિકાસકારોના પ્રોજેકટ અટવાઈ પડેલા છે જે અનુસંધાને અવારનવાર જુદાં જુદાં વર્તમાનપત્રો માં ખબર છપાતી રહે છે. વિકાસકરો ના કરોડો રૂપિયા ફસાઈ ગયા છે અને તેઓ મુંજવણ અનુભવી રહ્યા છે. વર્તમાન

પિટિશનના કામે P.P.A. હેઠળના પ્રોજેક્ટની કમિશનિંગ તારીખ, આ પિટિશનના અંતિમ નિર્ણય સુધી લંબાવી આપવા ન્યાયના હિતમાં GUVNL અને DISCOM ને નિર્દેશ કરવા નમ્ર અરજ છે.

(7) વર્તમાન પરિસ્થિતિમાં અનિશ્ચિતાઓના કારણે પ્રોજેકટ માં વિલંબ થવાથી તેમજ પ્રોજેકટ માટે બેન્કો તરફથી લોનના નિર્ણયો બાબતે વાદગ્રસ્ત નિર્ણયની વિરુદ્ધ થયેલ દાવાઓના નિકાલ સુધી રાહ જોવામાં આવી રહી છે દરમ્યાનમાં ચીન ખાતેથી ફરી COVID ના કેસ ના કારણે લોકડાઉન હોવાથી માલ યોગ્ય સમયે ઉપલબ્ધ નહીં હોવાથી તેમજ કાચા માલ ની પડતર કોસ્ટમાં ખુબજ ભાવ વધારો થયેલ હોવાથી રૂપિયા 2.83/યુનિટ ના P.P.A. માં નિર્દિષ્ટ ભાવમાં યોગ્ય વધારો કરી આપવા યોગ્ય હુકમ કરે એવી પ્રાથના છે.

11. **Reply of GUVNL to the Objections filed by Third Party Applicant-P. Solar Power**

11.1. The Petition has been filed by GUVNL seeking the approval of the Commission for the refund to be given to the connectivity charges collected by GUVNL in terms of Regulation 7(2) of the GERC (Terms and Conditions of Intra-State Open Access) Regulations, 2011 framed and notified by the Commission. Since the said Regulation provides that the

connectivity charges shall be non-refundable, the approval of the Commission is sought for in relaxation of the said provision in the facts and circumstances of the present case.

11.2. As detailed in the Petition filed, the solar generator who had signed Power Purchase Agreements (PPAs) with GUVNL pursuant to the Guidelines for implementation of Policy for Development of Small Scale Distributed Solar Projects dated 06.03.2019 are being given a one-time exit option together with refund of the Application Fees, Bank Guarantee furnished towards liquidated damages, supervision charges and also connectivity charges.

11.3. Energy and Petrochemicals Department, Government of Gujarat, vide letter dated 07.08.2021 informed GUVNL that it has been decided that a one-time exit option has been proposed be given to the small-scale solar project developers who have signed PPAs with State DISCOMs and the charges recovered from the developers who exercise such exit option shall be refunded.

11.4. GUVNL is bound to comply with the decision of the Government of Gujarat and have provided for a one time exit option to all the solar developers who have signed the PPAs.

11.5. The said one time exit option was proposed to be given in view of the various representations received from various project developers who desired to exit out of the PPA signed, on the basis that establishment of the project may not be commercially viable.

11.6. It is not comprehensible as to the objections that the objector has to the present Petition and the prayers sought therein. In view of the policy decision taken by the Government of Gujarat considering the representation of various project developers, the one-time exit option is being given with refund of the charges that have been paid by the project developers.

11.7. There is no compulsion whatsoever on any of the project developer to exit out of the PPA that has been signed. The basis of the objections appears to be that there have been Petitions preferred before the Hon'ble High Court in relation to the Gujarat Industrial policy 2020 of the Government of Gujarat and the grant of MSME subsidy etc. It is stated that these are independent proceedings to the present Petition and the prayers sought for herein do not in any manner impact or otherwise affect the said proceedings before the Hon'ble High Court.

11.8. There is no compulsion whatsoever for any of the project developers to exit out of the PPA. GUVNL is bound by the terms of the PPA signed with the project developers and in case any of the project developers seek to establish the project and perform the PPA, GUVNL is committed to procure electricity on the terms and conditions agreed to in the PPA.

11.9. The present Petition is only in pursuance of the benefit that has been granted to the project developers who wish to exit out of the PPA. Under normal circumstances, the parties are bound by the provisions of the PPA and cannot unilaterally exit from the PPA. In the circumstances, Government of Gujarat has offered the option to permit the project

developers to exit out of the PPA, which right was required to be exercised by 05.09.2021 (last date for one-time exit option).

11.10. The objector certainly cannot seek to impose its view on such of the project developers who have chosen to exit out of the PPA. The contention of the Objector that the PPA holders being MSME entity have unwillingly and reluctantly been constrained to opt to exit from the PPA through One-Time Exit Option is wrong and they are just trying to mislead this Commission.

11.11. Since the application fees for connectivity in terms of Regulation 7(2) of the GERC (Terms and Conditions of Intra- State Open Access), Regulations, 2011 is provided as being non- refundable, the approval of the Commission is required for relaxation of the said provision and to refund the charges to such of the project developers who have exercised the one-time exit option provided by GUVNL.

11.12. It is submitted that the objector, obviously cannot object to any of the solar project developers who consciously take a view to exercise the option to exit out of the PPA

11.13. The contention raised by the objector is just to delay the entire proceeding of present Petition as the matters pending before the Hon'ble High Court of Gujarat are entirely different from the present Petition and the prayers sought for herein do not in any manner impact or otherwise affect the said proceedings before the Hon'ble High Court.

11.14. The reason behind giving one-time exit option is because there were various representations received from various project developers who desired to exit out of the PPA signed, on the basis that establishment of the project may not be commercially viable. The Objector cannot impose its wishes on the power project developers who wishes to avail the option to exit the PPA.

11.15. In the facts and circumstances mentioned above, it is submitted that the objections sought to be made by objector - P. Solar Power is misconceived and ought to be rejected.

12. **The Applicants, Paravatiben Thakorbhai Patel, Sangitaben Chetanbhai Patel, Hemantbhai Hasmukhbhai Patel and Rajeshbhai Hasmukhbhai Patel, in their applications in the present Petition, stated as under;**

12.1. They had applied in the Small Scale Distributed Solar Scheme (SSDSP) for developing 1.0 MW Ground Mounted Solar Power project (0.5 MW each) for selling of Power to DGVCL. However, they had not proceeded further in development of Solar Power Project.

12.2. It comes to knowledge that GUVNL along with State Owned Distribution Companies have filed Petition No. 2002 of 2021 asking for approval of the Commission to refund of connectivity charge paid by those Small Scale Distributed Solar Power developers who wants to exercise the one time exit option.

12.3. Thus, they have submitted this application for joining as affected party in the Petition No. 2002 of 2021 and refund of connectivity charge and supervision charge paid by them. They had applied for development of SPG under SSDSP scheme and paid registration charge of Rs. 2950/- per project to DGVCL.

12.4. Thereafter, DGVCL vide letters dated 11.02.2021 had issued quotation for payment of connectivity charges and supervision charges for amount of Rs. 232750/-. In response, they had paid amount of Rs. 232750/- for each SPG.

12.5. After making payment, they were supposed to sign Power Purchase Agreement (PPA) with DGVCL for selling of Solar Power from their SPGs to be installed under SSDSP. However, they had not signed PPA due to their power project location is approx. 5 KM far from the GETCO station where the connectivity was granted to them which led higher cost for installation of 11 kV line. Further, the proposed 11 kV line was passing through river crossing and too many crossings of existing HT network of DGVCL Thus, they had only option left of underground network. In the circumstance, they had not executed PPA with DGVCL, Moreover, there was no clarity regarding availability of subsidy for the SPGs under SSDSP Scheme.

12.6. In the meantime, GUVNL had issued public notice informing all the applicants under SSDSP scheme that no subsidy support shall be provided to the SPGs registered and commissioned under SSDSP scheme. Thereafter, GUNVL had issued other public notice for the

applicants who have executed PPAs with respective DISCOM can choose one time exit opting from the SSDSP scheme and can take refund of amount paid by the applicant. However, the connectivity charges were not refunded by any DISCOM stating that connectivity charge is non-refundable as per GERC Open Access Regulations 2011. Therefore, the present Petition filed by GUVNL along with all Distribution Companies asking for approval of the Commission for refund of connectivity charges.

12.7. It is stated that they had approached DGVCL for refund of amount paid by them but it was informed that they have no instruction for refund of payment to those applicants who has not signed PPAS.

12.8. In July 2022, once again GUNVL has issued public notice for exercising exit option for remaining applicant. However, there was not any clarity for refund of payment to those applicants who have not signed PPA with DGVCL.

12.9. In view of above, it is requested to the Commission to join as affected party in Petition No. 2002 of 2021. It is also requested to direct DGVCL to pay amount paid by them for connectivity charge and supervision charge.

13. **Federation of Renewable & Consumers of Energy (FORCE) submitted as under:**

13.1. GUVNL till date does not provide the copy petition to it. However, FORCE is submitting their view as per the Commission's Daily Orders dated 29.11.2021 & 11.3.2022.

13.2. As per the para 2.10 & 2.11 of daily order dated: 29.11.2021, GUVNL had submitted as below.

> *".....2.10. Referring to para 25 of the Petition it is submitted that in accordance to above decision of the Government, the Petitioner GUVNL had uploaded a Public Notice on 09.08.2021 conveying the above decision of the State Government to the Stakeholders providing for the one-time exit option to the Solar Project Developers who have signed PPAs with the State DISCOMs and for refunding of charges recovered from such Developers who exercise such exit option as under:*
>
> *(a) Application fees of Rs. 5 per KW collected by DISCOMs and GEDA each shall be refunded to the developers;*
>
> *(b) Liquidated Damages and Supervision charges shall not be levied on the developers availing exit option. Accordingly, the Bank Guarantees as well as Provisional Supervision charges paid by DISCOMS;*
>
> *(c) Non-refundable connectivity charges of Rs. 1,00,000/- per application levied as per Regulation 7(2) of GERC (Terms and Conditions of Intra-State Open Access) Regulations, 2011 would be refunded after taking approval of the Commission and based on the decision of the Commission.*
>
> *2.11. It is further submitted that as per Regulation 7(2) of GERC (Terms and Conditions of Intra-State Open Access) Regulations, 2011, the connectivity charges of Rs.1,00,000/- collected by the*

DISCOMs are non-refundable. However, considering the nature of the small developers of Solar project, the Petitioners herein have approached the Commission seeking permission to allow the Co-Petitioners State DISCOMs to give refund of connectivity charges i.e., non- refundable fee of Rs. 1,00,000/- to the Small Scale Distributed Solar Developers who have exercised the one-time exit option approved by the State Government....."

13.3. As submitted by GUVNL, they have collected Rs. 1,00,000/- as a Grid Connectivity Charges as per Regulation 7(2) of GERC (Terms and Conditions of Intra-State Open Access) Regulations, 2011.

13.4. An attention is drawn to the notice of the Commission regarding provision under the Regulation 7 of Principle Regulation 2011.

7. Application procedure for Connectivity to distribution system by a generating station

(1) All eligible generating stations including a captive generating plant, seeking connectivity to a distribution system, shall apply to the distribution licensee for connectivity in the Form prescribed in the procedure to be laid down by the Distribution Licensee.

(2) <u>The Application shall be accompanied by a non-refundable fee</u> of Rs. one lakh in favour of the distribution licensee concerned, in the manner as specified by the licensee.
Joint reading of 7 (2) along with 7 (1) it is an application fees and not the Grid Connectivity Charges.

13.5. As submitted above in para 2.10 (a) of Daily Order dated 29.11.2021, GUVNL had submitted that they have collected Application fees of Rs. 5 per KW by DISCOMS and GEDA each shall be refunded to the developers.

The question is once they have collected Application fees than why they have collected further Rs. 1,00,000/- as a Grid Connectivity Charge.

13.6. It is requested to the Commission to declare the said decision of collecting Rs.1,00,000/- by DISCOM, as an arbitrary and Illegal and order them to refund said money to SSDSP developer with interest irrespective of whether they have commissioned the project or choose the Exit option.

14. **The Petitioner, GUVNL, in its reply to the Objections filed by Third Party Applicant – Mr. Kandarp Vankani, submitted as under;**

14.1. It is stated that there is no merit in the objections sought to be filed to the present Petition and the same are liable to be rejected.

14.2. It is stated that the solar generator who had signed PPAs with GUVNL pursuant to the guidelines for implementation of Policy for development of Small Scale Distributed Solar Projects dated 06.03.2019 are being given a one- time exit option together with refund of the Application Fees, Bank Guarantee furnished towards liquidated damages, supervision charges and also connectivity charges. This is being provided for in terms of the policy decision dated 06.07.2021 of the Energy and Petrochemicals Department, Government of Gujarat.

14.3. It is not comprehensible as to the objections that the objectors have to the present Petition and the prayers sought therein. In view of the policy decision taken by the Government of Gujarat considering the

representation of various project developers, the one-time exit option is being given with refund of the charges that have been paid by the project developers.

14.4. There is no compulsion whatsoever on any of the project developer to exit out of the PPA that has been signed. The one time exit option is merely an option provided to developers and it was open to developers to exercise the option or not. The Objector cannot be aggrieved by the fact that the option is provided. It was entirely upto the Objector to decide on whether it want to exercise the option or not. If it doesn't exercise the said option, it is not at all affected. The. Objector cannot be claimed to be aggrieved by other developers exercising the option.

14.5. That the Objector have raised irrelevant and unrelated aspects to the proceedings and further raised issues which are outside the scope of the present Petition.

14.6. The issue of applicability of subsidy to the small scale distributed solar projects is not decided by GUVNL in any manner and is not a subject matter of this Petition nor can they be subject matter of the present Petition. The objector has unnecessarily raised allegations against GUVNL and/or Distribution companies without any basis and despite the fact that they have no role to play on the issue of whether the subsidy is applicable or not. Further the attempt of the Petitioner to raise allegations on motivations of the Government of Gujarat and the language used by the Objector is unacceptable, unbecoming, misconceived and in any case not relevant to the present proceedings.

Such allegations of the Objector cannot be entertained and, in any case, cannot be entertained before the Commission.

14.7. It is submitted that the issue of whether the subsidy is applicable or not or otherwise adjudicate on the validity of the decision of the Government in regard to subsidy is not only outside the scope of the present proceedings but also is not within the powers of the Commission. The Commission cannot set aside the decisions of the Government of Gujarat, nor can such decisions be challenged before the Commission. In fact, not even the Letter dated 20.07.2021 of GUVNL can be challenged since it only conveys the decision of the Government of Gujarat. The contentions and allegations of the Objector therefore on the decisions of Government of Gujarat and letter dated 20.07.2021 of GUVNL in regard to aspect of subsidy cannot be considered.

